# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત
## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ
Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૦૭-૦૮-૨૦૧૬ • સમયઃ બપોરે ૨ થી ૫.૩૦ • શ્રેણી **૧૯** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 19**


**પ્રશ્ન - ૧ :** સામાયિક પ્રતિક્રમણને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(ક) નીચેના શબ્દો કયા પાઠના છે ? તે શુદ્ધ છે કે અશુદ્ધ ? અશુદ્ધ હોય તે સુધારીને લખો.
(૧) સમાણેમ્મિ, અભ્ભગો, સવ્વમિચ્છોવયારાએ, નિલંછણક્કમે, પરિનિવ્વાયંતિ.

**જવાબ -૧ :** (૧) અશુદ્ધ છે. - શુદ્ધ સમ્માણેમિ. તિકખુતો સામા -નો બીજો પાઠ.
અભ્ભગો અશુદ્ધ - શુદ્ધ અભગ્ગો તસ્સઉત્તરી સામાયિકનો ચોથો પાઠ.
સવ્વમિચ્છોવયારાએ શુદ્ધ છે. ગુરુવંદનાના પ્રતિક્રમણનો ત્રીજો પાઠ.
નિલંછણકમ્મે અશુદ્ધ છે. શુદ્ધ નિલ્લંછણકમ્મે ગુરુવંદના પ્રતિ. ૧૨મો પાઠ ૭મુ વ્રત.
પરિનિવ્વાયંતિ શુદ્ધ છે. પ્રતિજ્ઞાસૂત્ર પ્રતિ. ૨૭મો પાઠ ૫મું શ્રમણસૂત્ર.

(૨) એક વાક્યમાં તફાવત સ્પષ્ટ કરો. ૧) પ્રતિલેખના-પ્રમાર્જન. ૨) અનશન - સંલેખના

**જ.:** (૨) ૧)પ્રતિલેખન એટલે જોવું. સાધક પાસે રહેલા મુહપત્તિ, ગુચ્છો, રજોહરણ, વસ્ત્રોનું પ્રતિલેખન કરાય. પ્રમાર્જન એટલે પોંજવું, પાત્રા, પાટ, પાટલા, બાજોઠ જેવી કડક વસ્તુને ગુચ્છાદિથી પોંજવાનું હોય.
૨) અનશન એટલે યાવત- જીવન માટે પ્રત્યાખ્યાનપૂર્વક અહારપાણીનો ત્યાગ કરવો. સંલેખના - એ અનશન ધારણ કરતા પહેલાંની તેની પૂર્વતૈયારી છે જે અનશન ધારણ કરતાં પહેલાં જઘન્ય છ મહિના અને ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ પહેલા કરી શકાય છે.

(૩) પરિગ્રહ - લોભ

**જ.:** (૩) પરિગ્રહ - પ્રાપ્ત વસ્તુનો સંગ્રહ કરવો, ગ્રહણ કરીને તેના પ્રત્યે મમત્વ રાખવું.
લોભ- અપ્રાપ્ત વસ્તુની ઈચ્છા, પ્રાપ્ત વસ્તુને રસથી ભોગવવી તથા તેને છોડવા ભાવ ન કરવા.

(૪) સંમૂર્ચ્છિમ - ગર્ભજ

**જ.:** (૪) સંમૂર્ચ્છિમ - જે જીવો માતાપિતાના સંયોગ વિના / ગર્ભ વિના પોતાની મેળે જ ઉત્પન્ન થાય તે. ગર્ભજ : જે જીવો માતાપિતાના સંયોગથી ગર્ભમાં ઉત્પન્ન થાય તે ગર્ભજ કહેવાય.

(૫) ચૌવિહાર - તિવિહાર.

**જ.:** (૫) ચૌવિહાર - જેમાં અન્ન, પાણી, મેવો અને મુખવાસ એ ચારે પ્રકારના આહારનો ત્યાગ થાય તે.
તિવિહાર-જેમાં અન્ન, મેવો અને મુખવાસ એ ત્રણનો ત્યાગ કરીને પાણીની છૂટ રખાય તે.

(ખ) કર્મગ્રંથના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો :
(૧) બીજા કર્મગ્રંથનું નામ શું છે ? શા માટે ?

**જવાબઃ(ખ)** (૧) બીજા કર્મગ્રંથનું નામ કર્મસ્તવ છે. બીજા કર્મગ્રંથમાં કયા ગુણસ્થાને કઈ કઈ પ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા હોય એનું પ્રરૂપણ કર્યું છે માટે એનું નામ કર્મસ્તવ છે.

(૨) શ્રાવક સિંહ કેટલા પ્રકારનું આયુષ્ય બાંધે ? શા માટે ?
ચોથા ગુણસ્થાનને છેડે ૧૦ પ્રકૃતિનો બંધ-વિચ્છેદ શા માટે ?

**જ.:** (૨) શ્રાવક સિંહ એટલે પાંચમું ગુણસ્થાન. આ ગુણસ્થાને રહેલા મનુષ્ય તિર્યંચની ગતિ નિશ્ચયે દેવની જ હોય માટે શ્રાવક સિંહ એક દેવનું જ આયુષ્ય બાંધે છે.
૨) અથવા : ચોથા ગૃણસ્થાનવાળો પાંચમે જાય છે. પાંચમા ગુણસ્થાનકે રહેલા

મનુષ્ય તિર્યંચની ગતિ દેવની જ હોય માટે એ મનુષ્ય ગતિ, મનુષ્યાનુપૂર્વી અને મનુષ્યનું આયુ. ન બાંધે તથા ઔદારિક શરીર, અંગોપાંગ અને વજ્રઋુષભનારાચ સંઘયણ દેવગતિમાં ન હોય માટે ન બાંધે. તેમજ જે કષાયનો ઉદય હોય ત્યાં સુધી જ તે કષાય બંધાય એવો સામાન્ય નિયમ છે એટલે અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય પાંચમે હોતો નથી. ચોથા સુધી જ હોય માટે એ ૧૦ પ્રકૃતિનો ચોથાના છેડે બંધવિચ્છેદ થઈ જાય છે.

(૩) ચારે પ્રકારના માનનો બંધ ક્યાં થાય અને બંધવિચ્છેદ ક્યાં થાય ?

જ.: (૩) * અનંતાનુબંધી માન - ૧થી બીજા ગુણસ્થાન સુધી બંધાય, બીજાના છેડે બંધવિચ્છેદ.
* અપ્રત્યાખ્યાની માન - ૧થી ચાર ગૃણસ્થાન સુધી બંધાય, ચોથાના છેડે બંધ વિચ્છેદ.
* સંજવલનનો માન ૧થી નવમા ગુણસ્થાનના ત્રીજા ભાગ સુધી ૯માના ત્રીજા ભાગે બંધ વિચ્છેદ.

(૪) નવમા ગુણસ્થાનના બીજાથી પાંચમા ભાગે કેટલી અને કઈ કઈ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય ?

જ.: (૪) નવમા ગુણસ્થાનના બીજા ભાગથી પાંચમા ભાગે ક્રમશઃ સંજવલનના ક્રોધ, માન, માયા, લોભનો બંધવિચ્છેદ થાય છે એટલે ૧-૧ પ્રકૃતિનો બંધવિચ્છેદ છે.

(૫) મહાવિદેહના અને ભરતક્ષેત્રના હમણાનાં સાધુ-સાધ્વી લાભાંતરાય અને દેવગતિ કેટલા ગુણસ્થાનક સુધી બાંધે.

જ.: (૫) મહાવિદેહના સાધુ-સાદ્વીને લાભાંતરાયનો બંધ ૬થી ૧૦ ગુણસ્થાન સુધી અને દેવગતિનો બંધ ૬થી ૮માના ૬ઠ્ઠા ભાગ સુધી હોય. ભરતક્ષેત્રના હમણાના સાધુ-સાધ્વીને બંને પ્રકૃતિ ૬ઠ્ઠે અને સાતમે બંધાય.

---

પ્રશ્ન - ૨ : આચારાંગ સૂત્રને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો :

(૧) કેટલાંક પ્રાણીઓને શું ખબર હોતી નથી ?

જ.: (૧) કેટલાંક પ્રાણીઓને એ ખબર હોતી નથી કે મારો આત્મા જુદી જુદી ગતિઓમાં ઉત્પન્ન થયો છે અને થશે કે નહિ? હું પૂર્વજન્મમાં કોણ હતો? હું અહીંથી નીકળીને આ શરીરથી છૂટીને બીજા જન્મમાં શું બનીશ?

(૨) સંસારી પ્રાણી સાવદ્યક્રિયા શા માટે કરે છે ?

જ.: (૨) સંસારી પ્રાણી જીવનને માટે, પ્રશંસાને માટે, માન-સન્માન તથા પૂજા-પ્રતિષ્ઠા માટે, જન્મમરણથી મુક્ત થવાના હેતુથી અને દુઃખથી મુક્તિ મેળવવા માટે હિંસા આદિ સાવદ્યક્રિયા કરે છે.

(૩) અટ્ઠેલોએ પરિજુન્ને દુસ્સંબોહે અવિજાણએ'નો અર્થ લખો.

જ.: (૩) આખો લોક દુઃખથી પીડિત છે, વિવેકરહિત છે, મુશ્કેલીથી બોધ પમાડવા યોગ્ય છે, અજ્ઞાની છે.

---

પ્રશ્ન - ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો :

(૧) ચાર મહાવ્રતરૂપ ધર્મ કયો છે ?

જ.: (૧) ચાર મહાવ્રતરૂપ ધર્મ (૧) સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવૃત્ત થવું (૨) સર્વ પ્રકારના મુષાવાદથી નિવૃત્ત થવું (૩) સર્વ પ્રકારના અદત્તાદાનથી નિવૃત્ત થવું (૪) સર્વ પ્રકારની બાહ્યવસ્તુ લેવાથી નિવૃત્ત થવું.

(૨) ચાર ભત્તકથાઓ લખો.

જ.: (૨) ભત્તકથા - (૧) ભોજનની અવાપકથા એટલે અમુક ભોજન બનાવવામાં આટઆટલી સામગ્રની જરૂર છે ઇત્યાદિ કથા કરવી. (૨) ભોજનની નિર્વાપ કથા મિષ્ટાન્ન આટલા પ્રકારના છે. શાક આટલા પ્રકારના છે વગેરે કથા કરવી. (૩) ભોજનની આરંભકથા અમુક શાકમાં આટલાં મીઠાં-મરચાં વગેરે મસાલાની જરૂર પડે છે ઇત્યાદિ કથા કરવી. (૪) ભોજનની નિષ્ઠાનકથાઃ અમુક ભોજનમાં આટલા પદાર્થ પડવાથી જ તે સ્વાદિષ્ટ

બને છે ઇત્યાદિ કથા કરવી.

(૩) લોકાંધકારના કારણો લખો.

જ. : (૩) લોકાંધકાર - (૧) અરિહંત ભગવાનનો વિચ્છેદ (વિરહ) પડવાથી (૨) અરિહંત પ્રજ્ઞાપ્ત એટલે કે અરિહંત ભગવાને ફરમાવેલા ધર્મનો વિચ્છેદ થવાથી (૩) પૂર્વાધારીનો વ્યવચ્છેદ એટલે કે પૂર્વગત શ્રુતનો વિચ્છેદ થવાથી. (૪) બાદર અગ્નિકાયનો વિચ્છેદ થવાથી.

---

પ્રશ્ન – ૪ : જ્ઞાતાધર્મકથાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખોઃ (કોઈ પણ પાંચ)

(૧) મહાબલ કયા દ્વીપ ક્ષેત્રની વિજયનગરીના કોના પુત્ર હતા ? માતાએ શું સ્વપ્ન જોયું ? કોની સાથે વિવાહ કર્યાં ?

જ.: (૧) મહાબલ જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રની સલિલાવતી વિજયની વીતશોકા નગરીના બલરાજા-ધારિણીદેવીના પુત્ર હતા. તેમની માતાએ સ્વપ્નમાં સિંહ જોયો. કમલશ્રી આદિ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે વિવાહ કર્યા.

(૨) મલ્લિકુમારીને પાંચે જ્ઞાન ક્યારે ક્યારે ઉત્પન્ન થયા ?

જ.: (૨) મલ્લિકુમારીને જન્મથી ત્રણ જ્ઞાન - મતિ, શ્રુત અને અવધિજ્ઞાન હતાં. તેમણે જ્યારે ચારિત્ર અંગીકાર કર્યું ત્યારે ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું અને જે દિવસે દીક્ષા લીધી ત્યારે તે જ દિવસે દિવસના ઉત્તરાર્ધમાં પાંચમું કેવળજ્ઞાન થયું.

(૩) પ્રતિબુધ્ધ રાજા મલ્લિકુમારી પ્રતિ મોહિત કેવી રીતે બન્યા ?

જ.: (૩) પ્રતિબુદ્ધ રાજા એક સમયે પદ્માવતીદેવીને નાગપૂજા કરવાના ઉત્સવમાં ગયા હતા. ત્યાં પુષ્પમંડપમાં એક મહાન શ્રીદામકાંડ જોયો. તે જોઈને એમને ખૂબ જ આશ્ચર્ય ઉત્પન્ન થયું. સુબુદ્ધિ પ્રધાન પાસેથી જ્યારે તેનાથી પણ વધુ શ્રેષ્ટ મલ્લિકુમારીના શ્રદામકાંડની વાત સાંભળી ત્યારે તે તેમના તરફ મોહિત બની ગયા.

(૪) અર્હન્નક કયા કયા પ્રકારના માલ લઈને જહાજમાં નીકળ્યા ?

જ.: (૪) અર્હન્નક શ્રાવક નારિયેળ, સોપારી વગેરે ગણીને કય વિક્રય કરવાયોગ્ય ગણિમ વસ્તુઓ, ધાન્ય વગેરે ત્રાજવાથી તોળી-જોખીને ક્રય વિક્રય કરવાયોગ્ય ધારિમ વસ્તુઓ, તેલ વગેરે પળી આદિથી માપીને ક્રય-વિક્રય કરવા યોગ્ય વસ્તુઓ અને રત્ન વગેરે ગુણપરીક્ષા કરીને ક્રય-વિક્રય કરવાયોગ્ય પરિછેધ વસ્તુઓ લઈને જહાજમાં નીકળ્યા

(૫) ચોક્ષાના મતે નિર્વિઘ્ને સ્વર્ગમાં કેવી રીતે જવાય ? મલ્લિકુમારીએ તેને શું જવાબ આપ્યો ?

જ.: (૫) ચોક્ષાના મતે દાનધર્મ, શૌચધર્મ, તીર્થસ્થાન શ્રેષ્ઠ છે તેમજ કોઈ પણ વસ્તુ અપવિત્ર થઈ જાય તેને જળથી અને માટીથી શુદ્ધ-પવિત્ર કરવાથી યાવત્ સ્નાનાદિ ધર્મનું પાલન કરવાથી નિર્વિઘ્ને સ્વર્ગે જઈ શકાય છે.

મલ્લિકમારીએ કહ્યું : ‘‘હે ચોક્ષા ! જેમ કોઈ પુરુષ લોહીથી રંગાયેલા વસ્ત્રને લોહીથી જ ધુએ તો શુદ્ધિ થાય ખરી ? તેવી જ રીતે અઢાર પાપના સેવનથી આત્માની શુદ્ધિ થતી નથી.

(૬) મોહનગૃહમાં શું હતું ? ત્યાં આવેલા રાજાઓએ પોતાનું મુખ શા માટે ઢાંકી દીધું ?

જ.: (૬) મોહનગૃહમાં મલ્લિકુમારીની સ્વર્ણ પ્રતિમા હતી, જેમાં મલ્લિકુમારીએ પ્રતિદિન ચારે પ્રકારના આહાર અશન, પાન, ખાદિમ, સ્વાદિમનો એક એક કોળિયો નાખ્યો હતો, જેનું અશુભ પરિણમન થતાં દુર્ગંધી થયું હતું જેથી પ્રતિમાની ઉપરનું કમળનું ઢાંકણું ઉઘાડ્યું કે ચારે બાજુ કોહવાયેલા અનાજની દુર્ગંધ ફેલાઈ ગઈ જેથી ત્યાં આવેલા રાજાઓએ પોતાનું મુખ ઢાંકી દીધું.

(૭) નીચેના વાક્યો કોણ, કોને કહે છે ?

(i) આ જ કૂવો અને આ જ સાગર છે. (ii) તે શ્રેષ્ઠકન્યા મલ્લી કેવી છે ?

જ.: (૭) (i) ચોક્ષા જિતશત્રુ રાજાને (ii) શંખરાજા - સુવર્ણકા રોને.

## અથવા

પ્રશ્ન – ૪ : નિરયાવલિકાને આધારે જવાબ લખો (કોઈ પણ પાંચ) :

(૧) ચંપાનગરી ક્યાં હતી ? કેવી હતી ? તેમાં ક્યાં કયું વ્યંતરાલયન હતું ? તેમાં કોણ રહેતું હતું ?

જ.: **(૧) જંબૂદ્વીપના ભરતવર્ષમાં ચંપાનગરી હતી જે ઋદ્ધિ આદિથી સંપન્ન હતી. તેના ઉત્તરપૂર્વ દિશાભાગ (ઈશાન કોણ)માં પૂર્ણભદ્ર નામક વ્યંતરાલય હતું તેમાં શ્રેણિક રાજાના પુત્રએવં ચેલણાદેવીના અંગજાત કોણિક નામના રાજા રહેતા હતા.**

(૨) કાલી રાણીએ ધર્મશ્રવણ કરીને ભગવાનને કેવી રીતે કયો પ્રશ્ન પૂછ્યો ?

જ.: **(૨) કાલી રાણીએ ધર્મશ્રવણ કરીને અને હૃદયમાં ધારણ કરીને હર્ષિત, સંતષ્ટ યાવત્ વિકસીત હૃદયી થઈને શ્રમણ ભગવાનને ત્રણવાર નમસ્કાર કરીને પૂછયું કે, ''હે ભગવાન ! મારો પુત્ર કાલકુમાર ત્રણ હજાર હાથીઓની સાથે યાવત્ રથમૂસલ સંગ્રામમાં જવા પ્રવૃત્ત થયો છે, તો હે ભગવાન, તે વિજયી થશે કે નહિ? યાવત્ શું શું કાલકુમારને જીવિત જોઈશ?**

(૩) અભયકુમાર કોણ હતા ? કઈ કઈ નીતિમાં કુશળ હતા ?

જ.: **(૩) અભયકુમાર શ્રેણિકરાજા અને નંદાદેવીના પુત્ર હતા, તે સુકોમળ અને સ્વરૂપવાન હતા. શામ, દામ, દંડ, ભેદ એ ચાર નીતિમાં સકુશળ હતા.**

(૪) દોહદ, ગંધમાલા, આયો, વિત્તિપુત્રક, ઉદાર, કોણિક, વ્યાઘાત અને પરસુ એ આઠ શબ્દના અર્થ લખો.

જ.: **(૪) ૧) દોહદ : ગર્ભાવસ્થામાં થતી ઇચ્છા ૨) ગંધમાલા = ફૂલોની ગૂંથેલી માળા (૨) આયો = લાભ (૪) વસ્તિપુટક = પેટનો ભીતરી ભાગ (૫) ઉદાર = મહાન (૬) કોણિક = કુકડાની ચાંચથી ક્ષતિગ્રસ્ત આંગળીવાળો (૭) વ્યાઘાત=અંતરાય (વચ્ચે આવવું). (૮) પરસુ = કુહાડી.**

(૫) ચેલણા રાણી પાસેથી શ્રેણિક રાજાના સ્નેહરાગયુક્તનો પ્રસંગ સાંભળીને કોણિકે પોતાની માતાને શું કહ્યું ?

જ.: **(૫) ચેલણારાણી પાસેથી શ્રેણિકરાજાના સ્નેહરાગયુક્તનો પ્રસંગ સાંભળીને કોણિકે પોતાની માતાને કહ્યું કે, ''હે માતા, દેવસમાન, ગુરુજનસમાન અને અત્યંત અનુરાગ રાખવાવાળા એવા પિતા શ્રેણિકરાજાને કેદખાનામાં નાખીને મેં અત્યંત દુષ્ટ કાર્ય કર્યું છે. આથી હું હમણાં જાઉં છું અને સ્વયં મારા હાથેથી રાજા શ્રેણિકની બેડી કાપું છું.**

(૬) શ્રેણિકરાજાએ કયું વિષ, મુખમાં શા માટે મૂક્યું ?

જ.: **(૬) શ્રેણિકરાજાએ તાલપુટ વિષ એમ વિચારીને મુખમાં મૂક્યું કે આ કોણિકુમાર મોતની પ્રાર્થના કરવાવાળા યાવત્ લજ્જા, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મીથી પરિવર્જિત હાથમાં કુહાડી લઈને મારી તરફ શીઘ્રતાથી આવી રહ્યો છે. ન જાણે મને કયા મોતથી મારશે ? માટે હું જાતે જ મૃત્યુને શરણ થાઉં.''**

(૭) શ્રેણિક રાજાની નંદાદેવી નામે રાણી હતી (અ) શ્રેષ્ઠ રથ જોડીને લાવો. આ બે વાક્ય કોણ કોને કહે છે ?

જ.: **(૭) ભગવાન મહાવીર ગૌતમને કહી રહ્યા છે, ૧) કાલીરાણી કૌટુંબિક પુરુષોને કહે છે.**

---

પ્રશ્ન – ૫ : ઉપાશકદશાંગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો :

(ક) (૧) ચૂલણી પિતાને દેવે પ્રથમ વખત શું ધમકી આપી ?

**જવાબ–૫ : (ક)**

**(૧) ચૂલણીપિતાને દેવે પ્રથમ વખત ધમકી આપી કે, ''જો તું વ્રતભંગ નહિ કરે તો હું તારા સૌથી મોટા પુત્રને તારા ઘરેથી લાવી તારી સામે મારીશ તથા તેના માંસના ત્રણ ટૂકડા કરી ઉકળતા તેલની કડાઈમાં તળી તથા તે માંસ અને રક્તનું તારા પર સિંચન કરી જેનાથી તું આર્ત્તધ્યાનને વશ થઈને અકાળે મૃત્યુ પામીશ.''**

(૨) ચૂલણી પિતાને ભદ્રામાતાએ પ્રાયશ્ચિત લેવાનું શા માટે કહ્યું ?

જ.: **(૨) ચૂલણીપિતાએ દેવના ઉપસર્ગથી ભયભીત થઈને પોતાના પુત્રનો મારક સમજીને એને પકડવા દોડીને પોતાના વ્રતનિયમ પોષધને ખંડિત કર્યો એ દોષોની આલોચના કરવા માટે પ્રાયશ્ચિત્ત લેવાનું કહયું.**

**(બ) અંતકૃતદશાંગના આધારે જવાબ લખો : (કોઈ પણ સાત)**

(૧) છએ અણગારનું રૂપ કેવું હતું ? કોના જેવું હતું ?

**જવાબ (બ).: (૧) છએ અણગાર સમાન આકાર, સમાન રૂપ અને સમાન વયવાળા હતા. એમની શરીરની કાંતિ નીલકમળ, ભેંસના સીંગના આંતરિક ભાગ અને ગુલીના રંગની સમાન તથા અળશીના ફૂલની જેમ નીલા રંગવાળી હતી. એમના વક્ષસ્થળ 'શ્રીવસ્ત' નામના ચિહ્નથી અંકિત હતા. એમના માથાના વાળ ફૂલોની જેમ કોમળ અને કુંડલીની સમાન વાંકડિયા તથા અતિસુંદર લાગતા હતા. નળકૂબેર સમાન રૂપ હતું.**

(૨) દેવકી રાણીએ ત્રીજા સંઘાડાને શું પૂછયું ?

જ.: **(૨) દેવકીરાણીએ ત્રીજા સંઘાડાને વિનયપૂર્વક પૂછયું કે, ''હે ભગવાન! કૃષ્ણ વાસુદેવ જેવા મહાપ્રતાપી રાજાની બાર યોજન લાંબી અને નવ જોજન પહોળી સ્વર્ગલોક જેવી દ્વારિકા નગરીના ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળોમાં સામુદાયિક ભિક્ષા માટે વિચરતા મુનિઓને આહાર-પાણી નથી મળતાં શું ? તેથી એક જ કુળમાં વારંવાર આવવું પડે છે ?''**

(૩) દેવકી રાણીને અતિમુક્ત મુનિએ ક્યારે ક્યાં શું કહ્યું હતું ?

જ.: **(૩) દેવકી રાણીને અતિમુક્તમુનિએ નાની વયમાં પોલાસપુર નગરમાં એમ કહ્યું હતું કે, 'હે દેવકી ! તું આઠ પુત્રોએ જન્મ આપીશ. તારા બધા પુત્રોની આકૃતિ, વય અને કાંતિ આદિ સમાન હશે, અને તે નળકૂબેરની સમાન સુંદર હશે. આ ભરતક્ષેત્રમાં તારા સિવાય કોઈ માતા એવી નહિ હોય જે આવા સુંદર પુત્રોને જન્મ દઈ શકે'' એમ કહ્યું હતું.**

(૪) સુલસાની સેવાથી પ્રસન્ન થઈને હરિણગમૈષી દેવે શું યોજના કરી ?

જ.: **(૪) સુલસાની સેવાથી પ્રસન્ન થઈને હરિણગમૈષી દેવે સુલસા અને દેવકીને એક જ સમયે ઋતુમતી કરીને બંનેને એક સાથે ગર્ભધારણ થાય એવી યોજના કરી પછી સુલસાની અનુકંપા માટે તેના મૃત બાળકો જન્મે તેને તે જ સમયે જન્મેલા દેવકીના પુત્રોની સાથે અદલાબદલી કરી નાખતા. માટે એ છ મૃત પુત્રો દેવકીને પ્રાપ્ત થયા અને દેવકીના જીવિત પુત્રો સુલસાને પ્રાપ્ત થયા.**

(૫) સૌમિલ કોણ હતો ? ક્યાં રહેતો હતો ? તેની પત્ની અને પુત્રીનું નામ શું હતું ? તે બંને કેવી હતી ?

જ.: **(૫) સોમિલ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ આ ચારે વેદોમાં સાંગોપાંગ જ્ઞાતા ધન-ધાન્યથી સમૃદ્ધ બ્રાહ્મણ હતો. તે દ્વારિકા નગરીમાં રહેતો હતો. તેની પત્નીનું નામ સોમશ્રી અને પુત્રીનું નામ સોમા હતું જે સુકુમાર યાવત્ રૂપવતી હતી. પાંચે ઈન્દ્રિયોથી પરિપૂણ' એવં અવયવોથી યથાવત્ સ્થિતિને કારણે ઉત્કૃષ્ટ શરીર શોભાવાળી હતી.**

(૬) ગજસુકુમાલે દીક્ષા લઈને ભગવાન પાસે શેની આજ્ઞા માગી ?

જ.: **(૬) ગજસુકુમારે દીક્ષા લઈને ભગવાન પાસે આજ્ઞા માગી કે, 'હે ભગવાન ! આપની આજ્ઞા હોય તો મારી ઈચ્છા છે કે મહાકાલ સ્મશાનમાં જઈ એક રાત્રિની મહાપ્રતિમા સ્વીકાર કરવા અર્થાત્ સંપૂર્ણ શીઘ્ર ધ્યાનસ્થ થઈ ઊભો રહેવા માગું છું.'**

(૭) ધ્યાનસ્થ ગજસુકુમાલને જોઈને સૌમિલ સ્વગત (મનમાં) શું બોલ્યો ?

જ.: **(૭) ધ્યાનસ્થ ગજસુકુમાલને જોઈને સૌમિલ સ્વગત બોલ્યો કે, 'અરે આ તો પેલો નિર્લજ્જ, શ્રી ક્રાંતિ આદિથી પરિવાર્જિત, મૃત્યુને ઈચ્છાવાળો ગજસુકુમાલ છે. તે પુણ્યહીન અને દુર્લક્ષણયુક્ત છે. મારી નિર્દોષ દીકરી સોમા, જે યુવાન છે, તેને વિના કારણે જ છોડીને આ સાધુ બની ગયો છે.**

(૮) નીચેના વાક્યો કોણ કોને કહે છે ?

(i) તમે ચિંતા ન કરો. (ii) અતિમુક્ત મુનિના વચન અસત્ય કેવી રીતે થયાં ?

જ.: (૮) (i) કૃષ્ણ - દેવકીને કહે છે. જ.: (ii) ભગવાન અરિષ્ઠનેમિ દેવકીને

પ્રશ્ન – ૬ : દશવૈકાલિકના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો :

(ક) ગાથાઓ પૂરી કરો :

જવાબ -૬ (ક)(१) अभिगम चउरो .... पयखेममप्पणो

જ.: (१) अभिगम चउरो समाहिओ, सुविसुद्धो सुसमाहिअप्पओ ।
विउलहियं सुहावहं पुर्णो, कुव्वइ य सो पयखेमप्पणे ।।

(२) जो पावगं ..... गुरुणं

જ.: (२) जो पावगं जलियमवक्कमिज्जा, आसीविसं वा वि हु कोवइज्जिा ।
जो वा विसं खायइ जीवियट्ठी, एसोवमाऽ सायणया गुरुणं ।।

(३) विविहगुण....तवसमाहिए...

જ.: (३) विविहगुण तवोरए य णिच्चं, भवइ णिरासए णिज्जरट्ठिए ।
तवसा धुणइ पुराणपावगं, जुत्तो सया तवसमाहिए ।।

(ખ) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ આપો : ૧+૨+૨+૨+૧+૧

(૧) સાપની કઈ બે જાતિ અહીં બતાવી છે ? અર્થ સાથે લખો.

જવાબ :(ખ) (૧) સાપની બે જાતિ ૧) આશીવિષ = જેની દાઢમાં ઝેર હોય તે અને (૨) દષ્ટિવિષ જેની દષ્ટિમાં ઝેર હોય એ બે જાતિ અહીં બતાવી છે.

(૨) મેઘમુનિના દષ્ટાંતથી શું સમજાવ્યું છે ?

જ.: (૨) મેઘમુનિના દષ્ટાંતથી એ સમજાવ્યું છે કે શિષ્યએ ગુરુનો વિનય, ભકિત, સેવા શુશ્રૂષા કરવાં જોઈએ. ગુરુનો વિનય સંપૂર્ણ સમર્પણભાવે કરવો જ જોઈએ. પોતાનું પૂર્ણ શરીર ગુરુસેવામાં સમર્પિત કરવું જોઈએ, જેમ કે મેઘમુનિ.

(૩) અનંતા સંસારમાં કોણ ગોથા ખાય છે ? કોની જેમ ?

જ.: (૩) અવિનીત શિષ્ય ચારગતિરૂપ અનાદિ અનંત સંસાર-સાગરમાં ગોથા ખાય છે. જેમ પાણીના પ્રવાહમાં વહેતું લાકડું આમતેમ ગોથા ખાય છે તેમ.

(૪) લૌકિક વિદ્યા શીખવા માટે રાજકુમાર આદિ શું કરે છે ?

જ.: (૪) લૌકિક વિદ્યા શીખવા માટે લલિત ઈન્દ્રિયવાળા સુકોમળ શરીરી રાજકુમાર વગેરે દુસહ્ય, વધ, બંધન અને પરિતાપના વગેરે કષ્ટો સહન કરે છે.

(૫) સાધુએ ગોચરી કેવી રીતે કરવાની હોય ?

જ.:(૫) સાધુએ સંયમયાત્રાના નિર્વાહ માટે સામુદાયિક ગોચરી કરીને અજ્ઞાત (જ્યાં કોઈને ખબર નથી કે મારા ઘરે આજે સાધુ આવવાના છે ત્યાં) કુળમાંથી ગોચરી ગ્રહણ કરે. આહાર મળે તો રાગ ન કરે અને ન મળે તો દ્વેષ ન કરે.

(૬) સિદ્ધગતિને કોણ પ્રાપ્ત કરે છે ?

જ.: (૬) જે નિર્ગ્રંથ પ્રવચનમાં નિપુણ, જ્ઞાનમાં વિનીત અને સાધુઓનો વિનય વૈયાવચ્ચ કરનારા મુનિ આ લોકમાં ગુરુ મહારાજની સતત સેવા કરીને પૂર્વકૃત કર્મરજનો ક્ષય કરીને અનંત જ્ઞાનજ્યોતિથી દેદિપ્યમાન, સર્વશ્રેષ્ઠ, અતુલ, સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે.

---

પ્રશ્ન – ૭ : ભગવતી સૂત્રને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ પાંચ)

(૧) જાગરિકા એટલે શું ? તે કેટલા પ્રકારની છે કઈ કઈ ?

જવાબ – ૭ : (૧) જાગરિકા એટલે દ્રવ્ય અને ભાવથી જાગૃતિ. જાગરિકા ત્રણ પ્રકારની છે. ધર્મ જાગરિકા, અધર્મ જાગરિકા અને સુદ્કખુ જાગરિકા.

(૨) છેલ્લા ચાર જ્ઞાનાચાર લખો

જ.: (૨) છેલ્લા ચાર જ્ઞાનાચાર - ૧) અનિહનવ = અર્થ તથા ગુરુને ગોપવવા નહિ. (૨) વ્યંજન = અક્ષરશુદ્ધ (૩) અર્થ = અર્થ શુદ્ધ (૪) તદુભય અક્ષર અને અર્થ બંને શુદ્ધ ભણે.

(૩) ગુપ્તિ એટલે શું ? તે કેટલી છે ? કઈ કઈ ?

જ.:(૩) ગુપ્તિ = ગોપવવું, રોકવું. ત્રણ ગુપ્તિ છે. ૧) મન ગુપ્તિ = બુદ્ધિ અને શ્રદ્ધાપૂર્વક મનને ઉન્માર્ગે અટકાવવું. રોકવું. ગોપવવું. (૨) વચન ગુપ્તિ = બુદ્ધિ અને શ્રદ્ધાપૂર્વક વચનને ઉન્માર્ગે અટકાવવું, રોકવું.
(૩) કાયગુપ્તિ = બુદ્ધિ અને શ્રદ્ધાપૂર્વક કાયાને ઉન્માર્ગે જતો રોકવો, ગોપવવી.

(૪) આત્મા એટલે શું ?

જ.: (૪) આત્મા એટલે = જેના પ્રદેશે પ્રદેશે જ્ઞાન-દર્શન ગુણ રહેલા હોય, જે સતત નવી નવી પર્યાયોને પ્રાપ્ત કરે, જે જ્ઞાનથી પોતાના વિષયને વ્યાપ્ત કરે, અસંખ્ય પ્રદેશોનો પિંડ, ચૈતન્ય લક્ષણયુક્ત - સંવેદના સહિત હોય તેને આત્મા કહેવાય.

(૫) યોગ અને ઉપયોગ આત્માની વ્યાખ્યા લખો.

જ.: (૫) યોગ આત્મા - જ્યારે આત્મા મન, વચન, કાયાનો વેપાર (પ્રવૃત્તિ) કરે ત્યારે યોગ આત્મા છે. ઉપયોગ આત્મા - જ્યારે આત્મા જ્ઞાન કે દર્શન બેમાંથી કોઈ પણ ઉપયોગમાં પ્રવર્તે ત્યારે ઉપયોગ આત્મા કહેવાય. ઉપયોગ આત્મા વિના જીવ ન હોય.

(૬) વીર્ય માટે શાસ્ત્રમાં કેટલા અને કયા કયા શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે ?

જ.: (૬) વીર્ય માટે શાસ્ત્રમાં પાંચ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. (૧) ઉત્થાન- ઊઠવું. (૨) કર્મ ક્રિયા કરવી (૩) બળ-શારીરિક શક્તિ (૪) વીર્ય-આત્માનું વીર્ય (૫) પુરુષાકાર પરાક્રમ - કામ કરવાનો ઉત્સાહ.

(૭) ક્ષાયક સમકિતી મનુષ્ય અને યુગમંધર સ્વામીને કેટલા અને કયા કયા આત્મા હોય ?

જ.: (૭) ક્ષાયક સમકિતી મનુષ્યમાં - આઠે આઠ આત્મા હોય - દ્રવ્ય કષાય - યોગ ઉપયોગ જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય આત્મા. યુગમંધર સ્વામીને - સાત આત્મા કષાય આત્મા વર્જને

પ્રશ્ન – ૮ : પ્રજ્ઞાપના સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ પાંચ)

(૧) શીત આદિ યોનિ કોને કોને હોય ? તેનો અલ્પબહુત્વ લખો.

જવાબ – ૮ : (૧) ૧)શીત યોનિ ૨) ઉષ્ણ યોનિ ૩) શીતોષ્ણ યોનિ એમ ત્રણ પ્રકાર છે.
પહેલી નરકથી ત્રીજી નરક સુધી શીતયોનિયા.
ચોથી નરકે શીતયોનિયા ઘણા અને ઉષ્ણયોનિયા થોડા
પાંચમી નરકે ઉષ્ણયોનિયા ઘણા અને શીતયોનિયા થોડા.
છઠ્ઠી નરકે ઉષ્ણયોનિયા સાતમી નરકે મહાઉષ્ણયોનિયા.
તેઉ વર્જીને ચાર સ્થાવર (પ્ર. પા. વાયુ, વન.), ત્રણ વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ તિર્યંચ અને સંમૂર્ચ્છિમ મનુષ્યમાં ત્રણ યોનિ, તેઉકાયમાં એક ઉષ્ણયોનિ,
સંજ્ઞીતિર્યંચ = સંજ્ઞી મનુષ્ય અને દેવતામાં એક શીતોષ્ણ યોનિ.
અલ્પબહુત્વ = સર્વથી થોડા શીતોષ્ણ યોનિયા તેથી ઉષ્ણયોનિયા અસં. ગુણા.
તેથી અયોનિયા (સિદ્ધ) અનંતગુણા, તેથી શીતયોનિયા અનંતગુણા.

(૨) સંવુડા વિયડા એટલે શું ? તે કોને કોને હોય ?

જ.:(૨) સંવુડા = સંવૃત ઢાંકી, વિયડા = વિવૃત્ત ઉઘાડી, સંવુડાવિયડા એટલે કાંઈક ઢાંકી - કાંઈક ઉઘાડી. પાંચ સ્થાવર, દેવતા અને નારકીમાં એક સંવુડા, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ, સંમૂર્ચ્છિમ મનુષ્યમાં એક વિયડા, સંજ્ઞી, તિર્યંચ, સંજ્ઞી મનુષ્યમાં સંવુડા વિયડા.

(૩) <u>નીચેનામાં ઉપપાત, સમુદ્‌ઘાત અને સ્વસ્થાન લખો.</u>

જ.: (૩)

| | ઉપપાત | સમુદ્‌ઘાત | સ્વસ્થાન |
|---|---|---|---|
| | સંપૂર્ણ લોકમાં | સંપૂ લોકમાં | લોકનો અસં. ભાગ |
| (i) બરફ | ,, | ,, | લોકના ઘણા અસં. ભાગમાં |
| (ii) અપર્યાપ્તો વાયરો (બંને લેવાના) | ,, | ,, | સંપૂર્ણ લોકમાં |
| (iii) વનસ્પતિનો પર્યાપ્તો (ત્રણે લેવાના) | ,, | ,, | સંપૂર્ણ લોકમાં |
| ((iv) વાશીના વાલજીભાઈ. | ,, | ,, | લોકનો અસં ભાગ |

॥ જય જિનેન્દ્ર ॥